# Design Innovation Centre, HUB

One Page Report of Online Design Bootcamp 2020

<table>
<tr><td colspan="2">Online Design Bootcamp 2020</td></tr>
<tr><td>Date: 30th April to 2nd May 2020<br>Time: 10:00 AM to 4:00 PM</td><td>Expert Name:<br>Level-up Team (Startup)<br>Raj Hakani , Asst Prof. GTU</td></tr>
<tr><td>Registration Link:<br>https://forms.gle/5P3cDkY7mkd59NNV9</td><td>No. Of Registration: 738<br>No. of Participants: 138</td></tr>
</table>

This webinar was organized for School students and ATAL Lab Coordinators in Association with Level up (startup). In these three days, Bootcamp 138 participants (114 Students and 24 ATAL Lab Mentors) joined.

**Day 1**: Scratch Programming Participants had developed their creativity and thinking skill
Game Development Animated Story Telling
End of the day the participants developed a small game Tick Tok, a Pinball Game.
**Day 2**: Arduino Programming, participants developed programming and Electronics Hardware skill
Interfacing of Various Sensors and Actuators
End of the day participants developed mini-project Home Security and Automatic Hand Sanitizer Machine.
**Day 3** : Design SKill Participant has developed various 3D Desing In SImulation Software
End of the day participants developed Keychain, Mobile Stand, Pen Stand, and Gearbox in 3D Design Software

Participants were from Ahmedabad, Surat, Rajkot, Gandhinagar, Patan, Bhuj, Bhavnagar, Bharuch, Vapi, Mahesana, and Outside Gujarat Participants: Lucknow, Indore, Thane, Sangli, Aurangaba









Gujarat Technological University

## News Cutting

# જીટીયુના ડિઝાઈન ઈનોવેશન કાઉન્સિલ અને લેવલઅપ સ્ટાર્ટઅપના સંયુક્ત ઉપક્રમે ત્રણ દિવસીય બુટ કેમ્પનું આયોજન કરાયું



**ટેકનોલોજી ક્ષેત્રે આગામી દિવસમાં ભારતનું યુવાધન અગ્રગણ્ય હરોળમાં આવે તેના માટે અટલ ટેન્કરીગ લેબને રચના કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ સ્કૂલના બાળકો ટેકનોલોજી બાબતે જાગૃત થાય અને તેમનું સ્કૂલિંગ પતાવ્યા પછી એન્જિનિયરિંગ ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડે તેના માટે એક બ્રિજ નું કાર્ય કરે છે.**

**ગુજરાતના ૧૦ જિલ્લાના ૧૩૮ જેટલા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઝે ભાગ લિધો.**

અમદાવાદ.

કેન્દ્ર સરકારના એમએચઆરડી મંત્રાલય દ્વારા સ્કૂલના વિદ્યાર્થીઓમાં ટેકનોલોજી ક્ષેત્રે જાગૃતતા આવે અને એન્જિનિયરીગના વિષયોમાં તેમની રૂચિ વધે તે માટે ભારતભરમાં ૧૦૦૦થી પણ વધુ સ્કૂલોમાં અટલ ટેન્કરીગ લેબની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાતમાં પણ ૪૫૦થી વધુ સ્કૂલમાં અટલ ટીકરીગ લેબ કાર્યરત છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) પણ કેન્દ્ર સરકારના આ ઉદેશને પરિપૂર્ણ કરવા માટે જીટીયુના ડિઝાઈન ઈનોવેશન કાઉન્સિલ તરફથી હંમેશા અટલ ટેન્કરીગ લેબને મદદરૂપ થતું આવ્યું છે.

તાજેતરમાં જ વેબેક્સ જેવા સોશ્યલ નેટર્વકિંગ માધ્યમ પર વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી માટે ડિઝાઈન ઈનોવેશન કાઉન્સિલ અને લેવલઅપ સ્ટાર્ટઅપના સંયુક્ત ઉપક્રમે ત્રણ દિવસીય બુટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતમાંથી ૧૧૪ વિદ્યાર્થીઓ અને બાકીના ૨૪ફેકલ્ટી મળીને કુલ ૧૩૮ લોકોએ ભાગ લિધો હતો. આ ઉપરાંત ગુજરાત બહારથી પણ ૬ વિદ્યાર્થીઓ આ બુટ કેમ્પ માં જોડાયા હતા. ગુજરાતના ૧૦ થી પણ વધુ જિલ્લાઓના વિદ્યાર્થીઓ ત્રણ દિવસ સુધી ચાલેલા બુટ કેમ્પમાં ભાગ લઈને કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ , ઈલેક્ટ્રોનિક પ્રોગ્રામિંગ અને હાર્ડવેર તથા ૩ડી ડિઝાઈન જેવા જુદા-જુદા વિષયો પર પોતાના પ્રોજેક્ટ બનાવ્યા હતા. જીટીયુના કુલપતિ પ્રો. ડો.નવીન શેઠ અને કુલસચિવ ડો. કે.એન. ખેર દ્વારા વિદ્યાર્થીઓ અને ભાગ લેનાર ફેકલ્ટીને અભિનંદન આપવામાં આવ્યા હતા.

લોકડાઉન સમયમાં સોશિયલ નેટર્વકિંગનો ઉપયોગ કરીને જીટીયુની ડિઝાઈન ઈનોવેશન કાઉન્સિલ દ્વારા ત્રણ દિવસીય બુટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે કોમ્પ્યુટર ગેમ ડેવલપ કરવી આ ઉપરાંત જુદા જુદા પ્રકારે લોજીક ડેવલોપ કરવા બાબતેની જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. બીજા દિવસે ઈલેક્ટ્રોનિક પ્રોગ્રામિંગ અને હાર્ડવેર બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા અંતિમ દિવસે સમગ્ર બુટ કેમ્પની થીમ આધારિત ૩ડી ડીઝાઈન પર પ્રોજેક્ટ આપીને વિદ્યાર્થીઓએ પોતાની કૃતિ રજૂ કરી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા જુદા-જુદા પ્રકારની ૩ડી ડિઝાઈન બનાવવામાં આવી હતી. આ ઉપરાંત કિચેઈન, મોબાઈલ સ્ટેન્ડ અને ગેરબોક્સની ૩ડી ડિઝાઈન જેવા પ્રોજેક્ટ પર કાર્ય કરવામાં આવ્યું હતું. સમગ્ર બુટ કેમ્પનું સંચાલન જીટીયુના આસિસ્ટન્ટ પ્રોફેસર રાજ હકાની દ્વારા કરવામાં આવ્યું હતું.

www.gtu.ac.in